કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૮/૦૩/૨૦૧૬

**વંચાણે લીધાઃ** (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૧૧/૨૦૦૮/સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫

## ઠરાવ :

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૧૩-૮-૨૦૦૮ના ઠરાવથી રાજય સરકારની સેવામાં સીધી ભરતી માટે કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ નકકી કરવામાં આવેલ છે. અને ઠરાવના પત્રક-૧માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ ઠરાવમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તો તેવા પ્રમાણપત્રોને રાજય સરકારની સેવામાં સીધી ભરતી માટે માન્ય ગણવામાં આવેલ છે.

આ જોગવાઇના કારણે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બન્ને વર્ષમાં કોમ્પ્યુટર વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ તેવું અર્થઘટન થવાની શકયતા જણાતાં, તેમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બદલે ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં કોમ્પ્યુટરના વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો રાજય સેવાની સીધી ભરતી માટે બેઝીક નોલેજના પ્રમાણપત્ર તરીકે માન્ય ગણવાનું આથી નકકી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ (ક.ગ.-૨)
સામાન્ય વહીવટ વિભાગ

D:\C Drive Data\Desktop\THARAV-FIX PAY-TRANSFER POLICY\THARAV-TRANSFER POLICY.doc

<u>નકલ</u> રવાનાઃ

- મહામહીમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
    - સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
    - સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
    - સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ સોલા, અમદાવાદ.
    - સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
    - સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
    - સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
    - સચિવાલયના તમામ વિભાગો સચિવાલય, ગાંધીનગર.
    - સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.
    - તમામ ખાતાના વડાઓ.
    - એકાઉન્ટન્ટ જનરલ કચેરી, રાજકોટ/અમદાવાદ.
    - પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
    - સીલેકટ ફાઇલ

---

- પત્ર દ્વારા

D:\C Drive Data\Desktop\THARAV-FIX PAY-TRANSFER POLICY\THARAV-TRANSFER POLICY.doc